# વિદ્યાપીઠ પ્રકાશન મંદિર
# VIDYAPITH PRAKASHAN MANDIR

ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

Ph : 079-40016200/268 • E-mail :- prakashanmandir@gujaratvidyapith.org


તારીખ: 17.06.2026

**ગ્રંથાલય માટે બાઇન્ડિંગ સેવા પૂરી પાડવા વાર્ષિક દર કરાર (ARC) માટે સીલબંદ ભાવપત્રકો મંગાવવા બાબત**

સક્ષમસત્તા સ્થાનેથી મળેલ જરૂરી મંજુરી અન્વયે, પરિશિષ્ઠ-2 મુજબની કામગીરી પૂરી પાડવાના હેતુસર બાઈન્ડિંગ સેવા પૂરી પાડતી એજન્સીઓ પાસેથી નીચેની શરતોને આધીન વાર્ષિક દર કરારથી ગ્રંથાલય માટે વાર્ષિક અંદાજીત રૂપિયા 1,00,000/- (રૂપિયા એક લાખ)ની બાઈન્ડિંગ કામગીરી માટેની સેવા પૂરી પાડવા ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ગ્રંથાલય માટે બાઈન્ડિંગ સેવા પૂરી પાડવા માટે પ્રક્રિયાના અંતે પસંદગી પામેલ એજન્સીએ ગૂજરાત વિદ્યાપીઠની જરૂરિયાત મુજબ બાઈન્ડીંગ સેવાઓ વાર્ષિક દર કરાર હેઠળ પૂરી પાડવાની રહેશે. કામનો ઓર્ડર જરૂરિયાત મુજબ સમયાંતરે આપવામાં આવશે. (પરિશિષ્ટ-2માં વિવિધ આઇટમ માટેનું વિગતવાર સ્પેશીફીકેશન દર્શાવેલ છે.)

**બાઈન્ડિંગ સેવા પૂરી પાડતી એજન્સીઓના માપદંડ**

1. બાઈન્ડિંગ સેવા પૂરી પાડતી એજન્સી એક નોંધાયેલ એજન્સી/ફર્મ હોવી જોઈએ.
2. બાઈન્ડિંગ સેવા પૂરી પાડતી એજેન્સી પાસે સરકારી/બિનસરકારી એકમો અથવા પ્રતિષ્ઠિત શૈક્ષણિક એકમોમાં સંબંધિત કામગીરીનો અનુભવ હોવો આવશ્યક છે. (પૂર્તતા પ્રમાણપત્ર જોડવું).
3. બાઈન્ડિંગ સેવા પૂરી પાડતી એજેન્સી પાસે PAN કાર્ડ, GST નંબર હોવો જરૂરી છે. જો GST નંબર ના હોય તો તે બાબતની છૂટછાટનું માન્ય પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

ભાવપત્રક મોકલી આપતી વખતે એ જ બંધ કવરમાં નીચેના દસ્તાવેજો પણ જોડવાના રહેશે.

1. પ્રાથમિક વિગતો દર્શાવતું ફોર્મ. (પરિશિષ્ટ-1 મુજબ)
2. એજન્સીના રજીસ્ટ્રેશનના પુરાવા.
3. PAN કાર્ડ અને GST રજીસ્ટ્રેશન સર્ટિફિકેટની નકલ./છૂટછાટ પ્રમાણપત્ર
4. અનુભવના પુરાવા (વર્ક ઓર્ડર/પૂર્તતા પ્રમાણપત્ર).
5. બાઇન્ડિંગના નમૂનાઓ (Sample Binding Work) જોડવા
6. ભાવપત્રક (પરિશિષ્ટ-2 મુજબ)

ભાવપત્રક અને જરૂરી દસ્તાવેજો એક જ કવરમાં મૂકી તેને સીલ કરવું અને તેના પર "ગ્રંથાલય માટે બાઈન્ડિંગ સેવા પૂરી પાડવાના *ભાવપત્રક"* લખી, એજન્સીનું નામ અને સરનામું, સંપર્કની વિગતો લખીને તારીખ: 25/06/2026 સાંજે 5.00 સુધીમાં ટપાલ દ્વારા/રૂબરૂ "**કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ – 380009, ગુજરાત**"ને મોકલી આપવાનું રહેશે.

**જરૂરી નિયમો અને શરતો**

1. આ વાર્ષિક દર કરાર (ARC) 1 વર્ષના સમયગાળા સુધીની અવધિ માટે માન્ય રહેશે. ગૂજરાત વિદ્યાપીઠ અને એજેન્સીની પરસ્પર સંમતિથી કરારની અવધિ વધારી શકાશે.
2. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જરૂરિયાતો ઉભી થશે તે મુજબ જુદી જુદી આઈટમ અને જરૂરિયાત મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવશે.
3. એક એજન્સી અંતર્ગત એક જ ભાવપત્રક મોકલી શકશે.
4. બાઈન્ડીંગ થયેલી ગ્રંથસામગ્રીની ડિલિવરી ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કરવાની રહેશે.
5. સંસ્થા દ્વારા આપને વર્ક ઓર્ડર આપ્યા બાદ ત્રણ દિવસમાં અમારી સંસ્થામાંથી સામયિક, રીપોર્ટ્સ, પુસ્તક, નિબંધ, ફાઈલ્સ વગેરે બાઈન્ડીંગ માટે લઈ જવાના રહેશે.
6. એજેન્સીએ સંસ્થામાંથી બાઈન્ડીંગ માટેની જે તે ગ્રંથસામગ્રી વ્યવસ્થિત બાઈન્ડિંગ કરીને સમયસર સંસ્થાને પરત કરવાના રહેશે.
7. એજેન્સી દ્વારા બાઈન્ડિંગ કરતા સમયે ગ્રંથસામગ્રીને નુકશાન પહોંચે તો જે તે ગ્રંથસામગ્રીની મૂળ કિંમત ગૂજરાત વિદ્યાપીઠને ચૂકવી આપવાની રહેશે.
8. કામની ગુણવત્તા નિર્દિષ્ટ કરેલા ધોરણો મુજબની જ હોવી જોઈએ. ગુણવત્તામાં કોઈપણ પ્રકારની બાંધછોડ સ્વીકારવામાં આવશે નહીં. જો પૂરી પાડવામાં આવેલ ગ્રંથસામગ્રી નિર્ધારિત ગુણવત્તાના ધોરણો મુજબની ન હોય, તો ગૂજરાત વિદ્યાપીઠ તે ગ્રંથસામગ્રીને અસ્વીકાર કરવાનો અને તેની ચુકવણી રોકવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે.
9. કોઈપણ ગ્રંથસામગ્રીનું બાઈન્ડિંગ નિયત ગુણવત્તાયુક્ત નહીં કર્યું હોય તો કોઈપણ પ્રકારના વધારાના ચાર્જ વિના તેને ફરીથી વ્યવસ્થિત બાઈન્ડિંગ સ્વખર્ચે કરી આપવું પડશે.
10. બાઈન્ડિંગમાં રેહેલ ગ્રંથસામગ્રીની જો સંસ્થાને તાત્કાલિક જરૂરિયાત ઉભી થાય તો તેનું કામ ત્વરીત પૂર્ણ કરી મોકલી આપવાનું રહેશે.
11. અન્ય વ્યક્તિ કે એજેન્સીને Sub-Contract આપી શકાશે નહીં.
12. જો એજન્સીનું પ્રદર્શન સંતોષકારક ન જણાય અથવા કરારની શરતોનો ભંગ થાય, અથવા તો કોઈપણ કારણ દર્શાવ્યા વિના, ગૂજરાત વિદ્યાપીઠ, તાત્કાલિક અસરથી કોઈ વાર્ષિક દર કરાર (ARC) રદ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.
13. કોઈપણ કામગીરી માટે કોઈ પણ પ્રકારની એડવાન્સ ચુકવણી (Advance Payment) કરવામાં આવશે નહી. ચુકવણી કામ પૂર્ણ થયા બાદ તેની ગુણવત્તા ચકાસ્યા પછી, એજન્સી દ્વારા રજૂ કરાયેલ બિલ મુજબ નિયમાનુસાર કરવામાં આવશે.
14. પસંદ થયેલ એજન્સીએ પસંદગી પત્ર મળ્યાના 10 દિવસની અંદર રૂ. 10,000/- (અંકે દસ હજાર રૂપિયા પુરા) Performance Security Deposit તરીકે જમા કરાવવાના રહેશે. જેનું કોઈપણ પ્રકારનું વ્યાજ આપવા ગૂજરાત વિદ્યાપીઠ બંધાયેલ નથી. આ રકમ જ્યારે કરાર સમાપ્ત થશે ત્યારે જ આપને પરત આપવામાં આવશે.
15. જો એજન્સી કરારનો અંત લાવવા માંગે તો તે બાબતે ૩ મહિના પહેલા લેખિત જાણ કરવાની રહેશે. અને બાકી કામ કે લેણાં કરારના અંત તારીખ પહેલા પૂર્ણ કરી આપવાના રહેશે.
16. ગૂજરાત વિદ્યાપીઠ કોઈપણ સમયે પ્રક્રિયા/દસ્તાવેજમાં સુધારો કરવાનો અધિકાર અનામત રાખે છે. કોઈપણ સુધારો ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ https://www.gujaratvidyapith.org/ પર પ્રકાશિત કરવામાં આવશે અને તે તમામ એજન્સીને બંધનકર્તા રહેશે.

17. કોઈપણ કારણ દર્શાવ્યા વિના આ પ્રક્રિયા રદ કરવાનો અધિકાર ગૂજરાત વિદ્યાપીઠ પાસે અબાધિત રહેશે.
18. કોઈપણ વિવાદના કિસ્સામાં ન્યાયક્ષેત્ર ફક્ત અમદાવાદ રહેશે.

**<u>ભાવપત્રક ખોલવાની પ્રક્રિયા</u>**

1. આવેલ ભાવપત્રકો ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નિયુક્ત કરેલ સમિતિ દ્વારા ખોલવામાં આવશે.
2. આ પ્રક્રિયામાં ભાવપત્રકો મોકલી આપનાર એજન્સી/ઓના અધિકૃત પ્રતિનિધિઓ ઈચ્છે તો હાજર રહી શકશે. ભાવપત્રકો ખોલવાની પ્રક્રિયાના નિયત સમય અને સ્થળ પર જો કોઈ એજન્સીના પ્રતિનિધિ ઉપસ્થિત નહીં હોય તો તેમની ગેરહાજરીમાં પણ નિયત સમય અને સ્થળ પર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નિયુક્ત સમિતિ સભ્યો ભાવપત્રકો ખોલવામાં આવશે. પ્રતિનિધિ ગેરહાજર રહેશે તેવી એજન્સીઓની વાંધા તકરાર પાછળથી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
3. સમિતિ દ્વારા, ભાવપત્રકમાં માંગવામાં આવેલા તમામ દસ્તાવેજો કવરમાં છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવશે, કવરમાં માંગ્ય મુજબના મહત્વપૂર્ણ દસ્તાવેજ ખૂટતા હશે તો તે એજન્સીને તે જ તબક્કે આગળની પ્રક્રિયા માટે અયોગ્ય ગણી એજન્સીને ગેરલાયક ઠેરવવામાં આવશે.
4. વિવિધ એજન્સીઓ દ્વારા મોકલેલ ભાવપત્રકોનું એક વિગતવાર તુલનાત્મક પત્રક (Comparative State-ment) તૈયાર કરવામાં આવશે.તુલનાત્મક પત્રકના આધારે, સૌથી ઓછા દર (L1) ધરાવતી અને ટેકનિકલી લાયક ઠરેલી એજન્સીની પસંદગી બાદ, સક્ષમ સત્તાધિકારીની મંજૂરીથી વાર્ષિક દર કરાર કરવામાં આવશે.

## પરિશિષ્ટ-1: પ્રાથમિક વિગતો દર્શાવતું ફોર્મ (એજન્સીના લેટરહેડ પર)

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| 1 | એજન્સી/ફર્મનું નામ | |
| 2 | સરનામું | |
| 3 | રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ | |
| 4 | સંપર્ક વ્યક્તિનું નામ અને હોદ્દો | |
| 5 | મોબાઈલ નંબર અને ઈ-મેઈલ | |
| 6 | PAN નંબર | |
| 7 | GST નંબર | |
| 8 | અનુભવના પુરાવા | હા/ના |
| 9 | PAN કાર્ડની નકલ | હા/ના |
| 10 | GST સર્ટિફિકેટની નકલ | હા/ના |
| 11 | ભાવપત્રક (*પરિશિષ્ટ-2*) | હા/ના |

સાહેબશ્રી,

હું/અમે, ______________________________ વતી આથી બાંહેધરી આપીએ છીએ કે,

અમારી ફર્મ/એજન્સી કોઈપણ સરકારી, અર્ધ-સરકારી કે અન્ય સંસ્થા દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવેલ નથી.

અમે દસ્તાવેજમાં દર્શાવેલ તમામ નિયમો અને શરતો ધ્યાનપૂર્વક વાંચી છે અને તે અમને સંપૂર્ણપણે સ્વીકાર્ય અને બંધનકર્તા છે. જો અમારા દ્વારા પૂરી પાડવામાં આવેલ કોઈ માહિતી ખોટી સાબિત થશે, તો અમારી એજેન્સી રદ થવાપાત્ર રહેશે.

સ્થળ:

તારીખ:

(એજન્સીનો સહી-સિક્કો)

<u>પરિશિષ્ટ-2: ભાવ પત્રક (એજન્સીના લેટરહેડ પર)</u>

| ક્રમ | ગ્રંથસામગ્રી | બાઈન્ડીંગ પ્રકાર | જરૂરી પ્રિન્ટીંગ | ભાવ પ્રતિ નંગ |
|---|---|---|---|---|
| 1 | સામયિક | ફુલ ક્લોથ<br>(લીલા રંગનું) | સ્પાઈન ઉપર<br>સોનેરી અક્ષરે નામ,<br>વોલ્યુમ તથા અન્ય<br>વિગતો સાથે | |
| 2 | પુસ્તકો –Demy<br>/Crown size | પાકું પૂંઠું | - | |
| 3 | પુસ્તકો<br>Royal size | પાકું પૂંઠું | - | |
| 4 | દૈનિકપત્રોની ફાઈલો<br>(Newspaper Page<br>size | ફુલ રેકઝીન<br>(કાળા રંગનું) | સ્પાઈન ઉપર<br>સોનેરી અક્ષરે નામ,<br>વોલ્યુમ તથા અન્ય<br>વિગતો સાથે | |
| 7 | એક્સેશન રજીસ્ટર<br>Legal size | ફુલ રેકઝીન<br>(Black/Blue/Green/Brawn<br>color) | સ્પાઈન અને ફ્રન્ટ પેજ<br>ઉપર<br>સોનેરી અક્ષરે નામ,<br>વોલ્યુમ તથા અન્ય<br>વિગતો સાથે | |
| 8 | એક્સેશન રજીસ્ટર<br>A4 size | ફુલ રેકઝીન<br>(Black/Blue/Green/Brawn<br>color) | સ્પાઈન અને ફ્રન્ટ પેજ<br>ઉપર<br>સોનેરી અક્ષરે નામ,<br>વોલ્યુમ તથા અન્ય<br>વિગતો સાથે | |

સ્થળ:

તારીખ:

(એજન્સીનો સહી-સિક્કો)